# ધન્ય રે દિવસ

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઊલસી,
મટ્યો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય.
એગણીસસેં ને એકત્રીસે,
વ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાળીસે,
અદ્‌ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય.
ઓગણીસસેં ને સુડતાળીસે,
સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા,
નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય.
ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે એક રંચ રે. ધન્ય.

વધતું એમ જ ચાલિયું,
હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહી રે. ધન્ય.
યથા હેતુ જે ચિત્તનો,
સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે. ધન્ય.
આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય.
અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય.